# THE UNSEEN HANDS BEHIND THE SEVA

JAIN KRANTI
जैन क्रांति
Vol. 17 | Issue 05| Mumbai | September - 2026| Price Rs. 5/- | Pages : 40

## ઉપકાર કોનો?

### સેવા કરનારનો, કે સ્વીકારનારનો?






# SYMPATHY થી EMPATHY અને EMPATHY થી SEVA

ગુરુદેવ...

પહેલા કોઈની પીડા જોઈને અમારા મનમાં વિચાર આવતો — "કેટલું દુઃખ છે!" આ હતી Sympathy.

પરંતુ આપે અમને શીખવ્યું કે માત્ર કોઈનું દુઃખ જોવું નહીં, એ પીડાને હૃદય સુધી અનુભવવી.

"જો આ મારી સાથે થતું હોત તો?"

અને ત્યાંથી શરૂ થઈ — Empathy.

અને જ્યારે હૃદય પૂછે — "હું એના માટે શું કરી શકું?"

ત્યાંથી શરૂ થાય છે — Seva.

આપે માત્ર અમારી વિચારવાની રીત નહીં... અમારું mindset જ બદલી નાખ્યું.

પહેલા કોઈને જોઈને લાગતું, "કોઈએ મદદ કરવી જોઈએ."

આજે અંદરથી અવાજ આવે છે, "એ મદદ કરનાર હું કેમ નહીં?"

પહેલા કોઈની જરૂરિયાત એની Problem લાગતી હતી, આજે એ જ જરૂરિયાત અમારા માટે Opportunity બની જાય છે.

માત્ર થોડો સમય, થોડો પ્રયાસ કે એક મુલાકાત પણ કોઈના જીવનમાં Positive Change લાવી શકે છે.

ગુરુદેવ...

આપે અમને સમજાવ્યું કે Seva એટલે માત્ર આપવું નહીં.

સેવા એવી હોય જેમાં મદદ સાથે Self-respect પણ જળવાઈ રહે અને જે માત્ર એક Activity બનીને પૂરી ન થાય, પણ કોઈના જીવનમાં Transformation બની જાય.

આપે અમને Seva કરવાની તકને Punyaમાં Convert કરવાની દૃષ્ટિ આપી.

પહેલા અમે Future Planning કરતાં હતા —

Career, Business, Finance માટે...

પરંતુ આપે અમને એક નવી Planning શીખવી —

**PUNYA PLANNING**

મારા સમયમાંથી કેટલો સમય Seva માટે?

મારી આવકમાંથી કેટલો ભાગ પરોપકાર માટે?

મારી Skill કોઈને કેટલી કામમાં આવી શકે?

મારા Resources કોઈના જીવનમાં કેટલો Positive Change લાવી શકે?

અહીં માત્ર Seva થતી નથી...

Seva કરતાં કરતાં પોતાનું Development પણ થાય છે.

ગુરુદેવ...

આપના સંસ્કારો અમને સંસારમાં Slip નથી થવા દેતા.

અમને વ્યસનોથી બચાવે છે અને અમારા Sundays ને Party Sundays નહીં, Punya Sundays બનાવે છે.

અમારામાં નિઃસ્વાર્થતા, કરુણા અને માનવતાના સંસ્કારોનું સિંચન કરે છે.

જ્યારે પસ્તી લેવા જતાં કોઈ અમારા Faceને જોઇને દરવાજો બંધ કરે છે, ત્યારે Hurt નહીં, અહંકાર તૂટ્યાની Happiness અનુભવાય છે. અને જ્યારે કોઈ સત્કાર્ય દ્વારા અમારી મદદ સ્વીકારે છે, ત્યારે એ Thank You કહે એવી અપેક્ષા નથી રહેતી.

અમે જ એમને Thank You કહીએ — અમારી Help સ્વીકારવા બદલ.

આ અહોભાવ... આ વિચારધારા...

આ જ તો અમને સામાન્યથી અલગ બનાવે છે.

આ જ તો અમને Arham બનાવે છે.

દાન તો બધા જ કરે! પણ ગુરુદેવ, આપે અમને માત્ર દાન નહીં, Aura દાન કરવાનું શીખવ્યું.

કોઈને વસ્તુ આપવાથી એક જરૂરિયાત પૂરી થાય છે, પરંતુ કોઈના ચહેરા પર સ્મિત, હૃદયમાં હિંમત અને જીવનમાં આશા જગાવવાથી — એક જીવનની દિશા બદલાય છે.

આપે અમને જેવા હતા એવા સ્વીકાર્યા, પણ જેવા હતા એવા રહેવા ન દીધા.

**Sympathyમાંથી Empathy,**
**Empathyમાંથી Seva,**
**Sevaમાંથી Punya,**
**અને Punyaમાંથી Transformation તરફ આપ અમને લઈ ગયા.**

અમારું Good Work આપની પ્રસન્નતાનું કારણ બને...

અમારું Good Luck કોઈના જીવનનું Good Luck બને...

અને અમારું Punya Planning અમને Arhamથી Param તરફ લઈ જાય...

આજે પાછળ વળીને જોઈએ ત્યારે સમજાય છે કે, અમે માત્ર કોઈને મદદ કરવા Arhamમાં આવ્યા હતા. પરંતુ ધીમે ધીમે Arhamએ અમને જ બદલી નાખ્યા.

કોઈની આંખના આંસુ લૂછતા લૂછતા, અમારી અંદરની સંવેદના જાગી છે.

કોઈને સહારો આપતા આપતા, અમારી અંદરનો અહંકાર ઓગળ્યો છે.

કોઈના જીવનમાં આશા જગાવતા જગાવતા, અમારા જીવનને અર્થ મળ્યો છે.

**જો તમારા હૃદયમાં પણ કોઈના માટે કંઈક કરવાની ભાવના છે, તો આવો... Arham સાથે જોડાઓ.**
**આ Magazineનાં આગળનાં પાનાંઓમાં તમને માત્ર Seva Activities જોવા નહીં મળે...**
**સેવાના સ્પર્શથી બદલાયેલાં જીવનની Real Stories જોવા મળશે.**


**57 CENTERS**
ACROSS INDIA

**7 MILLION+ LIVES**
Impacted & Supported since Inception

**1750+**
VOLUNTEERS

**Contact Us: +91 7666708869**

www.arham.org I E: support@arham.org I / AYSGIndia

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th September 2026, YEAR: 25, ISSUE - 306
PAGES : 36 + 4 • RETAIL PRICE : ₹ 5

# કરુણાથી કલ્યાણ

**પરમ ગુરુદેવની પ્રેરણા...**
સેવકનો પુરુષાર્થ...
અને સેવા સ્વીકારનારનો સહયોગ...
આ ત્રણેયના સંગમથી
પૂર્ણ થાય છે સેવા !!

અને ત્યારે...
એક નાનકડી પ્રેરણા
સેવાનો પ્રકલ્પ બની જાય છે...
અને એક સેવા કોઈના જીવનમાં
કલ્યાણનું સર્જન કરી દે છે.

જૈન ક્રાંતિના આ વિશેષ અંકમાં
સેવાના વિવિધ પ્રકલ્પો સાથે
એવા અનેક જીવંત અનુભવો છે,
જ્યાં પરમ ગુરુદેવ એ સેવાની પ્રેરણા આપી છે...
અને કોઈએ સેવા સ્વીકારી છે...
આ બંને વચ્ચે - એક સેવકનું જીવન પણ બદલાઈ ગયું છે.



**આવો...**
**તમે પણ કોઈના કલ્યાણના નિમિત્ત બનો...**
**અને સેવા કરતાં કરતાં -**
**સ્વયંના જીવનને પણ એક નવો અર્થ આપો**

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો સંપર્ક : +91-9324808181

**TO KNOW MORE ABOUT**
**PUJYA GURUDEV**
**CONTACT ON: +91-9860905678**

One **Massive** Movement.
**Endless Impact.**
From **Waste** to **Worth.**
From **Pasti** to **Purpose.**

**8 LAC EIGHTY THOUSAND+**
KGS Total Pasti Collected

# ARHAM પસ્તી સે પુસ્તક

Old newspapers collect કરીને જરૂરિયાતમંદ બાળકોના education માટે Booksમાં પરિવર્તિત કરવાનો પ્રયાસ!

Wasteને Wisdomમાં અને Collectionને Contributionમાં ફેરવતો એક meaningful initiative!









અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા નિયમિતરૂપે પસ્તી collection દ્વારા જરૂરિયાતમંદ વ્યક્તિઓને વિવિધ સહાય સાથે પસ્તી collectionની મહત્તમ રકમથી બાળકોને fullscape buddy books, stationary, school bags અને educational support આપવામાં આવે છે.

**45 THOUSAND+**
Students Supported
**1 HUNDRED+**
Schools Supported

A little **SUPPORT...** A Big **Difference...**

**એક નાનો સહારો... અનેક સપનાઓને પાંખ!!**

# ARHAM EDUCATION SUPPORT








**હજારો જરૂરિયાતમંદ બાળકોને School Kits, Uniforms, Fees & Educational Support, અને અનેક શાળાઓને Infrastructure & Academic Resourcesનો સહયોગ.**

અમને મળેલી નવી bagમાં અમારા ચોપડા સરસ રીતે ગોઠવીને હોંશે-હોંશે શાળામાં આવીએ છીએ. કડકડતી ઠંડીમાં તમે આપેલાં sweater પહેરીને શાળાએ આવીએ છીએ. હવે શાળા ક્યારેય છૂટતી નથી. આપના તરફથી મળતો પૌષ્ટિક નાસ્તો ખાવાની પણ બહુ મજા પડી જાય છે. અમે વચન આપીએ છીએ કે અમે ખૂબ મન લગાવીને ભણશું અને તમારું નામ રોશન કરશું.

- શ્રી બંસી વાઘેલા (Student)
શ્રી બાંભણિયા વાડી પ્રાથમિક શાળા, જોરાવરનગર






# Full Scape Buddy Books

**23 LAC+**
Books Distributed

**અનેક જરૂરિયાતમંદ બાળકોને**
**Fullscape Buddy Books અર્પણ કરી**
**તેમના અભ્યાસ પ્રત્યેનો ઉત્સાહ વધારવા સાથે**
**માતા-પિતાની શૈક્ષણિક ચિંતા હળવી કરવાનો પુરુષાર્થ.**





અમે પારસધામ ગયા હતા. એકદમ પવિત્ર વાતાવરણ! અમને game રમાડી, યોગા શીખવ્યા. ત્યાં અમને notebook, geometry compass box, pen, writing pad ઈત્યાદિ સાહિત્ય આપ્યું અને સાથે-સાથે જીવન કેવી રીતે જીવવું જોઈએ, અન્યને કેવી રીતે ઉપયોગી થઈ શકીએ એ પણ સમજવા મળ્યું. આ બદલ ગુરુજી પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

**- શ્રી કૃશાલ પટેલ, ગિરનાર (Student)**

મને એક chance મળ્યો કે હું પારસધામ visit કરું. પારસધામ ગયા પછી મને ખૂબ સારું લાગ્યું, મન શાંત થયું, ગુરુજીના positive vibes મળ્યા. ગુરુજીએ અમને બીજાને મદદ કરતા શીખવાડ્યું. Yoga tips આપી, meditation કરાવ્યું, stationeryની gift આપી જે અમને ખૂબ ઉપયોગી છે તો આ બધા માટે thank you.

**- શ્રી કિન્નરી પરમાર, રાજકોટ (Student)**

શિક્ષણની રાહ... સપનાઓની ઉડાન!
એક સહયોગ... હજારો ભવિષ્યોનું નિર્માણ!

**THE HANDS MAY BE UNSEEN.**
**THE IMPACT NEVER IS.**

સેવા કદાચ એક **ક્ષણથી** શરૂ થાય છે...
પણ તેનો **સ્પર્શ** કોઈના **જીવનમાં** વર્ષો સુધી રહે છે.



**2 CRORE+**
Disbursed Every Year

## WHEN **LIFE** NEEDS A LITTLE MORE HOPE... **SEVA STEPS IN**
## **SAVE** A LIFE. **RESTORE** A LIFE.




# ARHAM MEDICAL SAHAY

જરૂરિયાતમંદ સાધર્મિક પરિવારો પર અણધારી આફત આવી પડે અને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી પરિસ્થિતિ સર્જાય, ત્યારે આર્થિક સહાયનો સંવેદનશીલ સહયોગ.



**જ્યારે સારવાર સાથે
સહારાની પણ જરૂર હોય...
ત્યારે નિઃસ્વાર્થ સેવા
આશા બનીને સાથે ઊભી રહે છે.**

**गुरुजी भगवान बनकर आए।**

हम लोग महाराष्ट्रीयन हैं। मेरे बच्चों को problem है। Hospital का खर्चा सोचा था, उससे ज्यादा हो गया। Admit किया तब पता नहीं था की hospital का खर्चा इतना आएगा! Hospital general है, government है, लेकिन उन्होंने suddenly इतना bill दे दिया। मुझे एकदम से इतना धक्का लगा कि मैं क्या बोलूं! मेरी ऐसी condition नहीं है कि मैं इतना पैसा भरूं। पैसे के आगे सब रिश्ते खत्म हो जाते हैं। किसी ने मदद नहीं की। **एक बार ऐसा लगा कि मर जाऊं,** फिर बच्चों का ख्याल आया।

फिर मैंने गुरुजी के बारे में सुना। आपके Trust के बारे में सुना। मैंने contact किया। **मेरी life में गुरुजी भगवान बनकर आए।** आपकी help की वजह से मेरे सर से बोझ हट गया। आपने इतनी मदद की है मेरी, शायद ही कोई आगे करेगा। आपको बोलने के लिए मेरे पास शब्द नहीं हैं। नहीं बोलूंगी तो बोझ हल्का नहीं होगा। मैं क्या बोलूं आपको!

सही में गुरुजी! आप भगवान बनकर आए हो। भगवान आपको इतना अच्छा करे, आपको **बरकत** मिले। आपके हाथ में इतना यश मिले कि आप भारत के कोने-कोने में जाकर help करें। आपकी यहाँ journey कभी खत्म न हो।

**- श्री गीता तावडे, (नेरुल)**

A **HAND** IN THE
**HARDEST MOMENT**.

## જીવનની સૌથી મુશ્કેલ ઘડીએ... એક સહારો

**35 THOUSAND+**
Dialysis Treatments
Sponsored

# ARHAM DIALYSIS SAHAY

Worldની એકમાત્ર non-profit organization જે dialysisના patientsને Registered Dialysis Centreમાં treatment continue કરવાની permission સાથે એમની treatment sponsor કરવાનો પુરુષાર્થ કરે છે.









**"डायलिसिस के साथ अब एक उम्मीद भी है..."**

डायलिसिस केवल शरीर का संघर्ष नहीं है, यह हर दिन मानसिक, आर्थिक और भावनात्मक रूप से भी एक बड़ी चुनौती है। हर महीने लगभग ₹25,000 तक का खर्च, परिवार की जिम्मेदारियाँ और बार-बार सहायता के लिए इधर-उधर जाना—यह सब हमारे लिए बहुत कठिन था।

ऐसे समय में Param Gurudev की प्रेरणा से Arham Yuva Seva Group द्वारा 'Arham Dialysis Sahay' के अंतर्गत मिली सहायता हमारे लिए बहुत बड़ा सहारा बनी। इससे न केवल डायलिसिस का खर्च संभालने में मदद मिली, बल्कि मन को भी एक राहत मिली कि इस संघर्ष में हम अकेले नहीं हैं।

मेरे पिताजी पिछले 13 वर्षों से किडनी की बीमारी से जूझ रहे हैं। इस कठिन सफर में मिली निरंतर सहायता ने हमारे परिवार का संघर्ष थोड़ा आसान किया है। सबसे बड़ी बात यह है कि जिस स्थान पर डायलिसिस चल रहा है, वहीं सहायता मिलने से बार-बार दूर जाने की परेशानी भी नहीं होती और उनका comfort भी बना रहता है।

**- श्री केतकी पवार, गोरेगाँव**

## 3 THOUSAND THREE HUNDRED+

Cataract Surgeries Sponsored

# ARHAM CATARACT SAHAY

**જીવનની સંધ્યાએ ધૂંધળી થયેલી દૃષ્ટિને Cataract Surgery દ્વારા ફરી સ્પષ્ટતા આપવાનો સંવેદનશીલ પુરુષાર્થ.**







**" રણમાં મીઠી વીરડી સમાન ગુરુદેવ..."**

આજના સમયમાં મધ્યમવર્ગને જીવવું મુશ્કેલ થઈ ગયું છે. મોંઘવારી ખૂબ વધી ગઈ છે ત્યારે રણમાં મીઠી વીરડી સમાન ગુરુદેવે ઔષધ સહાયનું આયોજન કરીને અમારા જેવા single, ગરીબ, દુઃખીયાઓને નજીવા દરે દવા કરાવી આપી. દર મહિને મારા ₹3,000 જેટલા રૂપિયાની બચત થાય છે, તે અમારા માટે કંઈ નાની વાત નથી. આપનો ઉપકાર ભૂલાય તેમ નથી. હું આજીવન આપની ઋણી છું.

**- શ્રી કમલાબેન કોઠારી**

મોતિયાના કારણે મારી આંખો સામે જાણે ભારે ધુમ્મસ છવાઈ ગયું હતું. હું એટલો લાચાર બની ગયો હતો કે મારા પોતાના પૌત્ર-પૌત્રીઓના ચહેરા પણ જોઈ શકતો નહોતો અને રસ્તા પર સલામત રીતે ચાલી પણ શકતો નહોતો. મારા જેવા ગરીબ પરિવાર માટે હોસ્પિટલનો ખર્ચ ઉઠાવવો અશક્ય હતો.પરંતુ 'Arham Cataract Sahay' મારા માટે આશીર્વાદ સમાન સાબિત થઈ. આધુનિક surgery દ્વારા મારી આંખોની સ્પષ્ટ રોશની પાછી આવી છે. હવે હું ફરીથી આ સુંદર દુનિયા જોઈ શકું છું, મારા પરિવારના ચહેરા નિહાળી શકું છું અને સન્માનપૂર્વક જીવન જીવી શકું છું. — **શ્રી રમણભાઈ પટેલ, અમદાવાદ**

**NOT JUST TREATMENT. A REASON TO KEEP GOING.**

**કોઈને સારવાર મળે છે... કોઈને ફરી જીવવાની આશા.**

WHEN **CARE** BECOMES COMPANY.
MORE THAN **SUPPORT.**
A MOMENT OF **TOGETHERNESS.**

**40 THOUSAND+**
Beneficiaries
Supported

# ARHAM ASHRAM SAHAY





વૃદ્ધાશ્રમ, મંદબુદ્ધિ આશ્રમ તેમજ અનાથાશ્રમમાં જીવન જરૂરિયાતની સામગ્રી અને medical requirements અર્પણ કરી, AYSGના youngsters દ્વારા તેમની સાથે સમય વિતાવી એમના face પર smile લાવવાનો પુરુષાર્થ.





જે બાળકો માટે Mall માત્ર દૂરથી જોવાની જગ્યા હતી, તેમને પહેલી વાર Mall & FunCityની rides, games, activities અને entertainmentનો આનંદ માણવાની તક આપવામાં આવી

તમે જ્યારે અમારા માટે જરૂરી સામાન લઈને આવ્યા ત્યારે અમને આનંદ થયો. પરંતુ તમે અમારી સાથે બેસીને વાતો કરી, અમારી જૂની વાતો સાંભળી અને અમારી સાથે હસ્યા... એ ક્ષણો અમને વધુ ગમી. ઘણીવાર અમને કોઈ વસ્તુ કરતાં કોઈ સાથે વાત કરવાની વધુ જરૂર હોય છે. તમારો આ સમય અમારા માટે બહુ કિંમતી હતો.

**— શ્રીમતી શાંતાબેન શાહ, વૃદ્ધાશ્રમ**

SOMETIMES, THE **GREATEST GIFT** IS SIMPLY BEING THERE
**જરૂરિયાતમાં સહારો અને એકલતામાં સાથ.**

**1 Crore 63 Lacs+** kg of fodder
**25 Thousand+** Bird Feeders
**4 Hundred+** Animal Hydration Tank
**1 Hundred 21+** Panjrapols

WHEN THEY **CANNOT SPEAK,**
LET OUR **COMPASSION** SPEAK.

# ARHAM ANIMAL WELFARE

ગૌશાળા અને પાંજરાપોળમાં ગાયોને નિયમિત ઘાસચારો, આહાર-પાણી, સુરક્ષા તથા medication મળી રહે તે માટે સહાય અર્પણ કરવાનો સેવાભાવી પુરુષાર્થ.





2025માં મહારાષ્ટ્રમાં અનરાધાર વરસાદ વચ્ચે, ગોળનું પાણી અને ઔષધિઓ ભેળવી તૈયાર થયેલો સાત્વિક ઘાસચારો ગામડાઓ સુધી પહોંચ્યો, અને અબોલ જીવોને આહાર સાથે શક્તિ અને આશરો મળ્યો.







આયુર્વેદિક ઔષધિ મિશ્રિત સાત્વિક ઘાસચારો



EVERY **LIFE** DESERVES TO LIVE **WITHOUT FEAR.**

# ARHAM ANUKAMPA

## 61 THOUSAND+

માછલીઓને અભયદાન






ગરમાગરમ તેલમાં તળાવા જતી અને કોઈની થાળીમાં ભોજન બનવા જઈ રહેલી જીવંત માછલીઓને પુનઃ સુરક્ષિત સ્થાન પર રાખવાનો પુરુષાર્થ.

NO **VOICE.** NO **DEMAND.**
JUST A **LIFE** THAT **DESERVES** TO **LIVE.**

# ABHAYDAAN ABHIYAAN

કોઈના મુખનો આહાર બનવા જઈ રહેલી નિર્દોષ બકરીઓને બચાવી Medical Care આપી સુરક્ષિત સ્થાન આપવાનો પુરુષાર્થ.







## 29 THOUSAND THREE HUNDRED+

બકરીઓને જીવનદાન

# LACS OF KITS
Distributed

WHEN **HUNGER** KNOCKS,
**COMPASSION ANSWERS**
A **PLATE** FULL OF **FOOD,**
A **HEART** FULL OF **WARMTH.**







# ARHAM ANNADAAN SAHAY

**જરૂરિયાતમંદ સાધર્મિક પરિવારોને દર મહિને 3 પ્રકારના અનાજ અને કઠોળ, મીઠું, સાકર, ઘી, તેલ જેવા ખાદ્ય પદાર્થોથી યુક્ત grocery kit અર્પણ કરવાનો પુરુષાર્થ.**

**"આ kit મારા માટે માત્ર grocery નથી,**
**એક મોટો સહારો છે."**

"હવે મારી ઉંમર થઈ ગઈ છે અને મારી સંભાળ રાખવા માટે મારી સાથે કોઈ નથી. રોજિંદા ખર્ચા કેવી રીતે ચલાવવા એ પણ ઘણીવાર વિચારવું પડે. આવી સ્થિતિમાં દર મહિને મળતી આ grocery kitથી અનાજ, કઠોળ, તેલ, ઘી જેવી ઘણી જરૂરી વસ્તુઓ મળી જાય છે. એટલે ઓછામાં ઓછું જમવાની ચિંતા થોડી ઓછી થાય છે.

Kit લેવા જાઉં ત્યારે AYSGના ભાવિકો જે રીતે પ્રેમથી વાત કરે છે અને માન આપે છે, એ વાત મને સૌથી વધારે સ્પર્શે છે. મદદ કરતાં પણ કોઈ આપણને સમજણથી અને પોતાના સ્વજનની જેમ પૂછે કે 'બધું બરાબર છે ને?'—એ વધારે મોટી વાત હોય છે."

**શ્રી રમેશભાઈ પટેલ — ભાવનગર**





# ANANT ARHAM AAHAR

## 14 LAC SIXTY THOUSAND+

Satvik Meals Served






**હજારો જરૂરિયાતમંદો સુધી અન્ન પહોંચાડી, AYSGના Youngsters દ્વારા ભૂખ્યા પેટને સંતોષ અને જીવનમાં માનવતાની હૂંફ આપવાનો પુરુષાર્થ**

**दो दिन से पेट में कुछ नहीं गया था।** काम नहीं मिला था, इसलिए जेब में पैसे भी नहीं थे। आज यहाँ Arham Aahar में खाना मिला तो पहले यकीन ही नहीं हुआ कि बिना कुछ माँगे गरम खाना मिल रहा है। पेट भरकर खाना खाने के बाद जो राहत मिली, उसे शब्दों में बताना मुश्किल है। **आज सिर्फ भूख नहीं मिटी... ऐसा लगा जैसे किसी ने मुश्किल समय में मेरा हाथ थाम लिया हो।**

**श्री पूजा शर्मा — भिवंडी, ठाणे**




रोजची कमाई आणि घरखर्च सांभाळताना खूप विचार करावा लागतो. आठवड्यातून एकदा इथून जेवण मिळालं की त्या दिवसाचा एक खर्च वाचतो. पण त्याहून महत्त्वाचं म्हणजे जेवण देताना जी आपुलकी दाखवतात, ती मनाला भावते.

**श्री सुनीता पाटील — वाडा, पालघर**

माझी कमाई रोज सारखी नसते. कधी काम मिळतं, कधी नाही. त्यामुळे खर्च जपून करावा लागतो. आठवड्यातून एकदा इथं जेवण मिळालं की त्या दिवसाचा खर्च वाचतो आणि थोडा दिलासा मिळतो.

**श्री अशोक जाधव — शहापूर, ठाणे**

**ONE PLATE. ONE SMILE. ONE TOUCH OF CARE.**

# 1 CRORE ELEVEN LAC FOURTY FIVE THOUSAND+
Rotis Distributed

## ROTI THAT REACHES HEARTS. FEEDING LIVES. HONOURING LIFE.



## અર્હમ રોટી અભિયાન

તપસમ્રાટ પ્રસાદમ્ રોટી અભિયાન અંતર્ગત રાજકોટ અને આસપાસમાં વસતા જરૂરિયાતમંદોને mobile vanમાં દરરોજ 4000થી વધુ ગરમ-ગરમ રોટલી સાથે કઠોળ, ગોળ અને ક્યારેક મીઠાઈ-ફરસાણ અર્પણનો પુરુષાર્થ

પહેલાં ઘણીવાર પેટ ભરવા માટે શું મળશે એની ચિંતા રહેતી. હવે જ્યારે Mobile Van આવે છે ત્યારે મનમાં નિશ્ચિતતા આવે છે કે આજે ગરમ ભોજન મળશે. જે પ્રેમથી ભોજન આપવામાં આવે છે, એ અમારે માટે સૌથી મોટી વાત છે. **- શ્રી કાંતિભાઈ પટેલ, રાજકોટ**

**અન્નથી આગળ... આત્મીયતા સુધી.**

# ARHAM USA

Arham Inc. USA is a non profit 501 (C)(3) organisation that provides brown paper lunch bags to school kids, serves hot vegetarian meals, donates hygiene kits, sleeping bags, blankets to the underprivileged, supports Luvin Arms, an animal sanctuary to stand up against animal cruelty and supports numerous humanitarian activities conducted by various NGO's across India.





**For More Information:**
**usa@arham.org**
**https://arham.org/usa**

EVERY **MEAL** SERVED WITH **CARE.**
EVERY **HEART** TOUCHED WITH **JOY.**

**17 LAC+**
Fresh Meals Served
in 2 Years





मेरे लिए खाना सिर्फ पेट भरने की चीज़ नहीं है... जब मेरे बच्चे मेरे साथ बैठकर खाना खाते हैं, तब मुझे सुकून मिलता है। कई बार घर की हालत ऐसी होती है कि बच्चों की थाली पहले भरती हूँ और अपनी बारी सबसे आखिर में आती है। 'गुरु प्रसाद' में आकर जब बच्चों के साथ पेट भर खाना मिलता है, तो थोड़ी कम चिंता रहती है। यहाँ की थाली ने कई बार मेरे बच्चों के चेहरे पर मुस्कान लौटाई है।

**- श्री रेखा शर्मा - असल्फा, घाटकोपर**

# GURU PRASAD

**For More Information**
**+91 91672 61333**



સર્વ મંગલ Family Trust - USAના Founder શ્રી રીકાબેન મનુભાઈ શાહના સહયોગથી 'ગુરુ પ્રસાદ' પ્રકલ્પ દ્વારા ઘાટકોપરમાં દરરોજ fresh meals અર્પણ કરી જરૂરિયાતમંદોના જીવનમાં અન્ન અને ખુશી વહેંચવાનો પુરુષાર્થ.

आता वय झालंय... स्वतःसाठी स्वयंपाक करणंही कधी कधी कठीण होतं. पण इथे आलो की गरम जेवण मिळतं. पोट भरतं आणि मनालाही बरं वाटतं. सगळ्यात छान वाटतं ते म्हणजे कोणीतरी आपली काळजी घेतंय, ही भावना.

**- श्री नारायण पाटील — गरमोडी, घाटकोपर (पू.)**

शाळा सुटली की मला खूप भूक लागते. 'गुरु प्रसाद' मध्ये आलो की गरम जेवण मिळतं. माझी थाळी रिकामी झाली की मला सगळ्यात जास्त आनंद होतो... कारण पोटभर जेवल्याचं समाधान मिळतं.

**कु. ओंकार जाधव — विक्रोली, मुंबई**

ONE **PLATE.** ONE **SMILE.** ONE **TOUCH** OF **CARE.**

**27 LAC +**
Glasses Served

# MEGA CHAAS VITRAN

ભીષણ ગરમીમાં મજૂરો, કર્મચારીઓ તથા રસ્તા પર રહેલા ફેરિયાઓને ઠંડી છાશ અર્પણ કરી તેમની thirst quench કરવાનો પુરુષાર્થ.

## COOL THE HEAT. SWEETEN THE FESTIVAL. WARM THE WINTER.




સવારથી construction site પર કામ કરતો હતો. ગરમીમાં વારંવાર તરસ લાગતી, પણ કામ છોડીને ક્યાંય જઈ શકાય એમ નહોતું. એ સમયે એક ગ્લાસ ઠંડી છાશ મળી. પીધા પછી શરીરને ઠંડક મળી અને થોડી તાજગી પણ આવી. **કદાચ એક ગ્લાસ જ હતો, પણ એ સમયે મળેલી રાહત મારા માટે બહુ મોટી હતી.**

Construction worker **શ્રી રમેશભાઈ ચૌહાણ – અમદાવાદ, ગુજરાત**



Diwali Festivalમાં હજારો જરૂરિયાતમંદ તેમજ સાધર્મિક પરિવારો પણ મીઠું મોઢું કરી દિવાળી ઉજવી શકે એ ભાવ સાથે મીઠાઈ boxes વિવિધ ક્ષેત્રોમાં અર્પણ.

## Gift મીઠાઈ, Spread મીઠાશ

इस साल दिवाली पर घर में मिठाई आएगी, यह सोचकर ही बच्चों के चेहरे पर खुशी आ गई। हमारे जैसे परिवार के लिए त्योहार पर मिठाई खरीदना हमेशा आसान नहीं होता। जब यह मिठाई का box मिला, तो बच्चों ने तुरंत कहा—**'आज हमारी भी दिवाली है!'** उस एक वाक्य ने इस छोटी-सी मिठाई को हमारे लिए बहुत खास बना दिया। सच में, किसी ने हमारे घर की दिवाली में भी थोड़ी-सी मिठास बाँट दी।

**श्री राजेशकुमार शर्मा, अमरावती (watchman)**

Ghatkoparમાં **4,100+ પ્રજ્ઞાચક્ષુ પરિવારોને પ્રેમ** અને અહોભાવ સાથે **મિષ્ટ ભોજન, નાસ્તો, મીઠાઈઓ** અને આનંદપ્રદાયક આવશ્યક વસ્તુઓ અર્પણ.

**54 THOUSAND + મીઠાઈ**
Boxes Distributed Every Year



Advt

# MEGA BLANKET DISTRIBUTION

## 10 THOUSAND+
Blankets Distributed
Every Year




કકડતી ઠંડીમાં ગ્રામ્ય વિસ્તારો તેમજ શહેરોની ઝૂંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદોને blankets અને sweaters અર્પણ કરી હૂંફ અને રાહત પહોંચાડવાનો પુરુષાર્થ.






**मेरे बच्चों को ठंड में रात को सोते देखकर हमेशा चिंता होती थी।** जब blanket मिला, तो सबसे पहले मैंने बच्चों को ओढ़ाया. **उस रात उन्हें ठंड से सिकुड़ते हुए नहीं देखा...** एक माँ के लिए इससे बड़ी राहत क्या होगी?

**- श्री सुमित्रा कदम, भवानीपुर**





રાત્રે ઠંડી એટલી વધી જાય કે ઊંઘ કરતાં ઠંડી સામે લડવામાં સમય પસાર થાય. **આ Blanket મળ્યું એ રાત્રે પહેલીવાર એવું લાગ્યું કે હવે ઠંડીથી બચવા માટે રાત આખી જાગવું નહીં પડે.** Blanket તો શરીરને હૂંફ આપે છે, પરંતુ કોઈએ આપણી જરૂરિયાત સમજીને આપ્યું છે—એ લાગણી મનને વધારે હૂંફ આપે છે.

**- શ્રી કલ્યાણીબેન પટેલ, રાજકોટ**

**SEASONS** CHANGE. **KINDNESS** STAYS.

**ગરમીમાં રાહત, તહેવારમાં ખુશી અને ઠંડીમાં હૂંફ — દરેક ઋતુમાં કોઈના જીવનને સ્પર્શતી સેવા.**

**THOUSANDS of**
Beneficiaries
Supported

**NOT JUST A HELPING HAND...**
**A HAND THAT HELPS THEM STAND!**

**સાધર્મિક સાથે... સાધર્મિક માટે**




# SADHARMIK SAHAY YOJANA

**નવકાર ગણનારા અને પ્રભુને અનુસનારા સાધર્મિકોના આંખના આંસુ લૂછતો એક પ્રકલ્પ! સાધર્મિક પરિવારોને આર્થિક, અન્ન, વૈદકીય અને શૈક્ષણિક સહાય આપી તેમને સ્વાવલંબી બનવા માટે પ્રેરિત કરવાનો સેવાભાવી પુરુષાર્થ!**

**સાધર્મિક સહાય ઉત્સવ અને સાધર્મિક MALL દ્વારા તેમને પુણ્ય ઉપાર્જનનું માર્ગદર્શન તથા ₹5,000ના voucher દ્વારા પોતાની જરૂરિયાત મુજબ ખરીદીની સ્વતંત્રતા આપવાનો અનોખો પ્રયાસ!**



સામાન્ય રીતે મદદ મળે ત્યારે જે મળે તે સ્વીકારવું પડે. અહીં એવું નહોતું. Voucher મળ્યું અને અમને અમારી જરૂરિયાત મૂજબ વસ્તુ પસંદ કરવાની સ્વતંત્રતા મળી. એ નાની લાગતી પસંદગી અમારા માટે ખૂબ મોટી હતી—કારણ કે અમને મદદની સાથે નિર્ણય લેવાનો અધિકાર પણ મળ્યો.

**- શ્રી રશ્મિબેન દેસાઈ, સાધર્મિક પરિવાર**






**WHEN WE UPLIFT SOMEONE...**
**WE STRENGTHEN THE WHOLE COMMUNITY.**

BUILDING HOMES.
**RESTORING DIGNITY.**
WHEN **DISASTER STRIKES. SEVA STEPS IN**

**1 HUNDRED +**
Beneficiaries Supported

# HOUSE PROJECT

ભાવનગરના ઘર વિહોણા અને leprosy પીડિત દર્દીઓને તેમજ જૂનાગઢના પૂરગ્રસ્ત એવા ઘર વિહોણા પરિવારોને મકાન અર્પણ કરવામાં આવ્યા.



**NOT JUST A HOUSE. A PLACE TO BEGIN AGAIN.**
**સંકટની ઘડીએ... સહાયનો હાથ, રાહતનો સાથ.**



# ARHAM DISASTER RELIEF

જ્યારે રાષ્ટ્ર પર આફત આવે છે અતિવૃષ્ટિ, ભૂકંપ, પૂર, અનાવૃષ્ટિ, આગ હોય કે bomb blast હોય, આવા કપરા સમયે લોકોને rescue કરવાથી લઈને તેમને જીવન જરૂરિયાતની સામગ્રી અર્પણ કરવાની સાથે ગરમ ભોજન અને medications આપી રાહત અર્પણ.

**70 THOUSAND +**
People Rescued

“गेल्या महिन्यात झालेल्या मुसळधार पावसामुळे आमच्या घरात पाणी शिरले आणि घरातील धान्य व इतर सामानाचे खूप नुकसान झाले. त्या कठीण काळात परम गुरुदेवांच्या कृपेने आम्हाला राशन किट मिळाली. संकटाच्या काळात मिळालेली ही मदत आमच्यासाठी खूप मोठा आधार ठरली. यासाठी आम्ही परम गुरुदेवांचे मनःपूर्वक आभारी आहोत.” **- श्री नैनाबहेन दुषंत जाधव**

**1 HUNDRED FIFTY +**
Bottles of
Blood Collected -
Every year

GIVE **BLOOD.** GIVE **LIFE.**



# BLOOD DONATION CAMP

2001થી દર વર્ષે campના માધ્યમથી અર્હમના સેવકો150થી વધુ bottles blood collect કરી Hospitalsમાં અર્પણ કરે છે.

WHEN **CARE** CAN'T WAIT... WE **BRING** IT TO YOU.
HEALTH CARE WITHOUT DISTANCE, WITHOUT BARRIERS.

# Arham Clinic On Wheels Hospital Human Hospital




હોસ્પિટલ સુધી પહોંચવાની મુશ્કેલી ધરાવતા જરૂરિયાતમંદો સુધી Mobile Medical Care, જરૂરી સારવાર અને દવાઓ પહોંચાડી, આરોગ્યસેવાને તેમના દ્વાર સુધી લઈ જવાનો પુરુષાર્થ!

**1 THOUSAND SIX HUNDRED +**
Patients Treated
near Paramdham, Valkas

FOR THOSE WHO **PROTECT** OUR **TOMORROW.** FOR THOSE WHO **STOOD** BETWEEN **US** AND **DANGER.**

**1 THOUSAND+**
Dry Fruit Power Packs Distributed

**1 THOUSAND+**
Nutritional Meals Served

# ARHAM ARMY SEVA PROJECT

**2025ની સંવેદનશીલ યુદ્ધસમાન પરિસ્થિતિમાં દેશના જવાનોને Dry Fruit Power Packs અર્પણ કરી, તેમની અડીખમ રાષ્ટ્રસેવા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો પુરુષાર્થ. સાથે જ, Rajkot Army Recruitment Rallyમાં દેશસેવાનું સ્વપ્ન લઈને આવેલા ભાવિ સૈનિકો અને Officersને પૌષ્ટિક ભોજન તથા Dry Fruit Power Packs અર્પણ કરી, તેમની રાષ્ટ્રભક્તિની સફરને શક્તિ આપવાનો પુરુષાર્થ!**






### THE HEART OF THE INITIATIVE

આ યુવાનો અહીં માત્ર નોકરી મેળવવા નથી આવ્યા. તેઓ દેશની રક્ષા કરવાની તક મેળવવા આવ્યા છે. સામાન્ય પરિવારોમાંથી આવતા આ ભાવિ સૈનિકો કઠિન ભરતી પ્રક્રિયામાંથી પસાર થતા હતા. ત્યારે તેમની ભૂખની ચિંતા દૂર કરીને તેમને પૌષ્ટિક ભોજન અને શક્તિદાયક Dry Fruit Power Packs અર્પણ કરવાની તક મળી.

તેમના માટે આ કદાચ એક Meal અને એક Power Pack હતું, પરંતુ અમારા માટે, તે દેશના ભાવિ રક્ષકોને આપેલું એક નાનકડું 'Salute' હતું. - **Arham Yuva Seva Group, Rajkot**

A **PACK** OF **STRENGTH.** A **HEART FULL OF GRATITUDE.**
THEY **PROTECT** OUR **TOMORROW.** WE **SALUTE** THEM **TODAY.**

**5 HUNDRED+**
Volunteers
**5 THOUSAND+**
Beneficiaries
Supported

PARASDHAM
**YOUTH**

**YOUNG** MINDS.
BIG **HEARTS.** REAL **IMPACT.**

**8 Centres – Dombivli, Vile Parle, Kolkata, Ahemdabad, Rajkot, Jetpur, Gondal, Jamnagar**

For More Information
+91 76667 08869, +91 97574 00070

# PARASDHAM YOUTH

**આજના યુગમાં જ્યાં Malls - Movies - Masti - Mobile & Parties જ જોવા મળે છે, એવા સમયે youngsters દ્વારા પોતાના innovative ideasથી અલગ અલગ વર્ગના જરૂરિયાતમંદ જીવોને શાતા પહોંચડવાનો પુરુષાર્થ!**

Earlier, whenever I saw a dog on the road at night, I would worry that it might get hurt. When we started putting reflective belts on their neck, I realised how something so small could make such a big difference. The belts made the dogs much more visible in vehicle headlights, helping prevent accidents. What touched me most was that we weren't just putting a belt around a dog's neck—we were taking a small step towards protecting a life. This experience taught me that Jeevdaya is not just about compassion; it is about taking action to keep every life safe.

**- Shri Pallavi Shah, kolkata**
**Parasdham Youth Group**





युवा हमसे मिलने आए थे। उन्होंने हमारे साथ बातें कीं, हमारी पुरानी यादें सुनीं और हँसते-हँसते हमारे साथ समय बिताया। कुछ ही घंटों में ऐसा लगा जैसे अपने ही बच्चे हमारे पास आ गए हों।

वे हमारा अकेलापन दूर करने आए थे, लेकिन जाते-जाते हमारे दिल में एक खूबसूरत याद छोड़ गए।

**- श्री रश्मि जोशी, वृद्धाश्रम - कोलकाता**

TURNING **YOUTHFUL ENERGY** INTO **HUMANITY.**

## SUPPORT TO SELF-RELIANCE.

**6 HUNDRED+** Autorickshaws & **50+** Ertiga Cars Sponsored




# ARHAM AUTORICKSHAW & ERTIGA CAR PROJECT







**સર્વ મંગલ ફેમેલી ટ્રસ્ટના Founder શ્રી મનુભાઈ અને રીકાબેનના સહયોગથી ભાડાની રિક્ષા ચલાવતા ભાઈઓ અને બહેનોને પોતાની માલિકીની Auto Rickshaw અર્પણ કરી, રોજગારનો સહારો આપવાનો પુરુષાર્થ તથા Graduates અને Post-Graduatesને Ertiga Cars અર્પણ કરી, સ્વાવલંબન અને નવી દિશાનો માર્ગ ખોલવાનો પ્રયાસ.**



"સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું કે મારી પોતાની Auto હશે. પરંતુ આજે Auto મળ્યા પછી એક જ સંકલ્પ છે—ગુરુદેવે અમારા પર જે વિશ્વાસ મૂક્યો છે, એ વિશ્વાસ ક્યારેય તૂટવા નહીં દઉં. હવે લોકો 'આ સંસ્થા સાથે જોડાયેલા ભાઈની રિક્ષા છે' એવા વિશ્વાસ સાથે મારી રિક્ષામાં બેસે, એ મારા માટે સૌથી મોટી જવાબદારી છે."

**- શ્રી રમેશભાઈ જેઠવા, રાજકોટ**

**GIVE** THEM THE **WHEELS.** LET THEM **DRIVE** THEIR **FUTURE.**

**માત્ર એક વાહન નહીં... પણ એક પરિવાર માટે આત્મનિર્ભર ભવિષ્ય !**

**8 THOUSAND TWO HUNDRED+**
Bicycles Distributed

**PEDAL** TO **PROGRESS.**
FROM DISTANCE TO POSSIBILITY,
A RIDE TOWARDS YOUR DREAMS.




# ARHAM BICYCLE PROJECT

**સર્વ મંગલ ફેમેલી ટ્રસ્ટના Founder શ્રી મનુભાઈ અને રીકાબેનના સહયોગથી Scholar studentsને Bicycle અર્પણ કરી, તેમની શિક્ષણયાત્રાને ગતિ આપવાનો પુરુષાર્થ.**

पहले स्कूल पहुँचने में ही बहुत समय निकल जाता था। घर लौटते-लौटते थक जाता था, इसलिए पढ़ने की इच्छा होने के बावजूद समय और ताकत दोनों कम पड़ जाते थे। Bicycle मिलने के बाद अब मैं समय पर स्कूल पहुँच सकता हूँ और घर आकर भी शांति से पढ़ सकता हूँ। मेरे लिए यह Bicycle सिर्फ आने-जाने का साधन नहीं, बल्कि मेरी पढ़ाई का सहारा है।

**– श्री रोहित कुमार, Bengaluru**



Bicycle मिळाल्यानंतर माझ्या दिवसाची सुरुवातच बदलली. पूर्वी शाळेत पोहोचण्याची घाई असायची; आता मी वेळेआधी पोहोचतो आणि मित्रांसोबत थोडा वेळ अभ्यासाची तयारी करतो. मला सर्वात जास्त आनंद याचा आहे की, आता शाळेत जाणे ही माझ्यासाठी अडचण राहिलेली नाही, तर ती माझ्या दिवसातील आवडती सफर झाली आहे. **– श्री संकेतभाई पाटील, Mumbai**



**WE GAVE THEIR DREAMS A WAY FORWARD.**

FOR THOSE WHO **NEVER STOP** SERVING **MUMBAI...**
A JOURNEY MADE A LITTLE EASIER.

**1 HUNDRED EIGHT+**
E-Bikes Distributed

# Arham E-Bikes Project

## (Dabbawala)

**ભગવાન મહાવીર જન્મ કલ્યાણક અવસરે માતુશ્રી તારાબેન ચુનીલાલ મોદી પરિવાર - બાદશાહ પરિવારના સહયોગથી Mumbaiના ડબ્બાવાળા ભાઈઓને E-Bikes અર્પણ કરી, તેમની સફરને વધુ સરળ, ઝડપી અને ઓછી શારીરિક મહેનતવાળી બનાવવાનો પુરુષાર્થ.**



साइकिल से जो काम हम दो घंटे में करते थे, वही काम अब एक घंटे में हो जाता है। पहले 10–12–15 टिफिन साइकिल पर लेकर जाते थे। अब E-bike मिलने से एक साथ 25–30 टिफिन ले जा सकते हैं और दूर तक भी जा सकते हैं। इससे हमारा काम बहुत आसान हो गया है।

**– श्री सुरेशभाई शिंदे, अंधेरी, Mumbai**



पहले साइकिल से काम करता था, तो बहुत तकलीफ हो जाती थी। अब गुरुदेव की वजह से E-bike मिली है, तो बहुत आराम मिल गया है। जो कमर की समस्या थी, उसमें भी काफी राहत मिली है। साइकिल से जितना काम कर पाता था, उससे ज्यादा अब E-bike से कर पा रहा हूँ। बहुत आराम हो गया है। **– श्री महेशभाई जाधव, परेल, Mumbai**




LESS **EFFORTS.** MORE **MILES.** A **BETTER** WAY TO **SERVE!**

**1 HUNDRED SEVENTY FIVE+**
E-Tricycles Distributed

**WHEELS** OF **FREEDOM.**
**WINGS** OF **DIGNITY.**
**EMPOWERING** MOBILITY,
RESTORING **INDEPENDENCE.**

# E-TRICYCLES PROJECT

**માતુશ્રી તારાબેન ચુનીલાલ મોદી પરિવાર - બાદશાહ પરિવારના સહયોગથી દિવ્યાંગ ભવિકોને E-Tricycles અર્પણ કરી, તેમની સફરને વધુ સરળ બનાવવાનો પુરુષાર્થ.**







पहले कहीं आने-जाने के लिए मुझे किसी न किसी की मदद का इंतज़ार करना पड़ता था। छोटी-सी दूरी भी मेरे लिए बहुत मेहनत और परेशानी भरी होती थी।

E-Tricycle मिलने के बाद सिर्फ मेरी यात्रा आसान नहीं हुई, बल्कि मेरा आत्मविश्वास भी बढ़ा है। अब मैं अपने कई काम खुद कर पाता हूँ और दूसरों पर निर्भरता भी कम हुई है।

मेरे लिए यह सिर्फ एक E-Tricycle नहीं... बल्कि आज़ादी और आत्मनिर्भरता की एक नई शुरुआत है। इस सुंदर पहल के लिए हृदय से धन्यवाद। **- श्री अमोल पाटील, मुंबई**

E-Tricycle मिळाल्यानंतर पहिल्यांदाच मी कॉलेजच्या गेटमधून स्वतः प्रवेश केला. त्या क्षणी मनात एकच विचार आला — 'आता माझं शिक्षण थांबणार नाही.'

आज मी आत्मविश्वासाने वर्गात बसते, नवीन स्वप्नं पाहते आणि ती पूर्ण करण्यासाठी धैर्याने पुढे जाते.

**- श्रीमती पूजा देशमुख, मुंबई**

**One E-Tricycle - A Giant Leap Toward INDEPENDENCE.**

WHEN A **HOME FEELS SCATTERED...**
LITTLE ORDER CAN MEAN A LOT.

# ARHAM CUPBOARD DISTRIBUTION

## 1 THOUSAND FIVE HUNDRED+

Cupboards Distributed in Maharashtra, Gujarat




**જેમની નાની ઝૂંપડીઓ છે. જેમની વસ્તુઓ વેરવિખેર છે, તેમના ઘરના સામાનને સમેટીને રાખવા પરમ ગુરુદેવની પ્રેરણાથી, સર્વ મંગલ ફેમેલી ટ્રસ્ટના Founder શ્રી મનુભાઈ અને રીકાબેનના સહયોગથી અનેક ગામડાઓમાં કબાટ વિતરણનો પ્રકલ્પ!**





आम्ही जैन नाही, आम्ही गुजराती नाही, आम्ही मराठी आहोत. आम्ही आदिवासी आहोत. आम्ही हरिपाडा गावात राहतो. आमचे गाव जंगलात आहे. इथे कोणीही येत-जात नाही. पूर्वी आमच्याकडे काहीच नव्हते. आमचे कपडे इकडे-तिकडे पडून राहायचे. आता आमच्या संपूर्ण गावासाठी कपाटे मिळाली आहेत. त्यामुळे आम्ही आमचे सर्व सामान व्यवस्थित कपाटात ठेवू शकतो.

**- श्रीमती अंबिकाबेन माटुक, हरिपाडा**



WE DIDN'T JUST GIVE A **CUPBOARD.** WE **HELPED** CREATE A **HOME.**
A little organization. A lot of dignity.

**FORTY FIVE+**
Arham Animal
Ambulances

THEY HAVE **NO VOICE.**
BUT THEIR **PAIN** HAS A **STORY.**

**2 LACS**
**FIFTY SIX THOUSAND+**
**LIVES SAVED in Last 3 Years**

ARHAM
ALWAYS CARE

## ANIMAL AMBULANCE

રસ્તા પરના ઘવાયેલા, માસુમ, અબોલ જીવોને,
ambulanceમાં નિષ્ણાંત doctors દ્વારા emergency treatment આપી
તેમની અશાતા દૂર કરવાનો પુરુષાર્થ



**WHEN COMPASSION MOVES, LIVES HEAL.**

## ALWAYS CARE CLINICS

Pawandham- Kandivali,
Paramdham-Padgha,
Ghatkopar, Rajkot, Junagadh

Birds અને animals માટે special clinicનું સર્જન
જેમાં તેમની માટે special roomsનું સર્જન સાથે અનુકૂળ
special equipments & treatments આદિની સુવિધાઓ
અને સુયોગ્ય સારસંભાળ આપી તેઓ સંપૂર્ણ સ્વસ્થ ન થાય
ત્યાં સુધી તેમની ખેવના કરવાનો પુરુષાર્થ





**FIVE**
ALWAYS CARE
ANIMAL CLINICS

## # Some Cries Are Never Heard, But Their Pain Still Deserves a Response...

**TWENTY SIX+** Cities Covered
**NINETY+** On Ground Vets & Para vets
**3 HUNDRED FIFTY+** Animals Treated Daily

A helpless stray dog was found with a long iron rod pierced through its back. Every movement caused unbearable pain, and every passing minute put its life at greater risk.

The moment the call came in, the Arham Always Care Animal Ambulance rushed to the location. Our doctors and paramedics immediately began emergency care before safely shifting the dog to our clinic.

What followed was a race against time. With extreme precision and care, our doctors successfully removed the iron rod, refusing to give up despite the challenges.
It wasn't just a surgery. It was a fight to give a voiceless life another chance.
Today, that brave dog is on the road to recovery.

But this is not just one rescue. Every day, hundreds of voiceless animals face emergencies — accidents, injuries, illnesses and unimaginable pain.
From the first emergency call to immediate rescue, proper medical care, surgery and recovery, Arham Always Care remains by their side at every step.
Because for them, every second matters.

And for us, **every life matters.**
Hundreds of emergencies. Thousands of lives.
One unwavering commitment — to always be there when they need us the most.
**— Dr. Avinash Pande, Always Care Team**

**WE ACCEPT CSR DONATION**
**CONTACT : +91 7303999303**

**GET IN TOUCH**
**support@alwayscare.org**
**+91 9090 0101 53**

Scan to Donate.
Contribute Now
**alwayscare.org/donate**

**Till date 14 Crore+ utilized for Surgeries, medicines and essential medical machinery**

**2 HUNDRED+**
Successful Operations

**2 HUNDRED+**
Doctors & Staff

## VOICE FOR THE VOICELESS. FROM PAIN TO RELIEF

નિઃશુલ્ક Surgery, Medical Treatment અને Post-Operative Care દ્વારા ઘાયલ અને બીમાર અબોલ જીવોને પીડામાંથી રાહત આપી સ્વસ્થ જીવન તરફ આગળ વધવાની નવી તક આપવામાં આવી.

હોર્ન કેન્સર, હર્નિયા, પ્રોલેપ્સ, Fracture અને વિવિધ પ્રકારની ગાંઠો જેવી પીડાદાયક સમસ્યાઓ ધરાવતા અનેક અબોલ જીવોની સફળતાપૂર્વક Surgery અને સારવાર કરવામાં આવી.

# ANIMAL SURGERY CAMP

Paramdham & Girnar Parasdham

મારી ગાય પહેલાં જેવી નહોતી રહી. તેના વર્તનમાં ફેરફાર દેખાતો હતો, પણ તે શું તકલીફ અનુભવી રહી છે એ અમને સમજાતું નહોતું. અબોલ જીવની પીડા આખરે સમજવી કેવી રીતે — એ જ સૌથી મોટી મુશ્કેલી હતી. Animal Surgery Camp પહેલાં અલગ-અલગ ગામડાંમાં Survey કરવામાં આવી રહ્યો હતો. Surveyની ટીમ અમારા ગામે આવી ત્યારે અમે પણ અમારી ગાયનું Check-up કરાવવાનું નક્કી કર્યું. તપાસમાં જાણવા મળ્યું કે તેના પેટમાં ગાંઠ હતી અને અંદર લગભગ 15 કિલો જેટલું Plastic જમા થયું હતું. આ જાણીને અમે ચોંકી ગયા. ગાયની યોગ્ય Surgery કરવામાં આવી અને ત્યારબાદ તેનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવ્યું. આજે મારી ગાય ફરી સ્વસ્થ છે. તે દૂધ આપે છે, પોતાના વાછરડાં સાથે રમે છે અને પહેલાંની જેમ ખુશ રહે છે. સૌથી મોટો સંતોષ એ છે કે સમયસર સારવાર મળવાથી અમે અમારી ગાયને ફરી સ્વસ્થ જીવન આપી શક્યા. - **શ્રી પ્રતિપાલજી પરમાર, પશુ પાલક**



**ADVANCED MEDICAL SUPPORT**
**Hydraulic Ambulance • X-Ray Machine • Special Beds • Pathology Lab**

WE DIDN'T JUST **HEAL** THEIR **WOUNDS.**
WE GAVE THEM A **SECOND CHANCE** TO LIVE.

THEY CAN'T ASK. OUR **KINDNESS** CAN ANSWER

**અબોલ છે... પણ અણમોલ છે.**

**15 THOUSAND+**
Kindness Kits
Distributed




# KINDNESS KIT

Kindness Kits દ્વારા કબૂતર, ગાય, શ્વાન અને કીડી જેવા અબોલ જીવો માટે food & care પહોંચાડવાનો કરુણાભર્યો પુરુષાર્થ.

ગાયો માટે સૌરાષ્ટ્રની અનેક ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં 113+ Steelના ગૌ ભોજન પાત્ર અર્પણ.









દરેક Kindness Kitમાં ગાયો માટે 700 gm પોષકતત્ત્વોથી સમૃદ્ધ આહાર, શ્વાન માટે 500 gm Dog Biscuits, કીડી માટે 300 gm કીડિયારું, કબૂતર માટે 200 gm ચણ રાખવામાં આવે છે.

Pack **kindness.** Pass it forward.
**EVERY KIT CARRIES COMPASSION.**

**THOUSANDS of**
Students benefitted

**Education** builds Minds.
**Values** build Lives.



# ARHAM ACADEMY

For More Information
+91 76667 08869

**આદિવાસી વિસ્તારમાં રહેતા અભણ અને અણસમજુ બાળકોને LOOK N LEARNના પ્રશિક્ષિત દીદી દ્વારા સત્ય, અહિંસા અને માનવતાના નૈતિક પાઠ શીખવાડતો પુરુષાર્થ**

"पूर्वी मुलांमध्ये छोट्या छोट्या गोष्टींवरून भांडणं व्हायची. सत्य, अहिंसा आणि माणुसकीचे संस्कार मिळाल्यानंतर त्यांच्या वागण्यात सुंदर बदल दिसू लागला. आता ते एकमेकांना समजून घेतात आणि एकमेकांना मदत करतात. मुलांना केवळ शिक्षणच नाही, तर चांगले संस्कार देण्याच्या या सुंदर प्रयत्नासाठी परम गुरुदेव आणि Arham Yuva Seva Groupचे मनःपूर्वक आभार."

**- श्रीमती कविता पाटील - शिक्षिका, वल्कास, महाराष्ट्र**





"પહેલાં અમારા બાળકોને ભણવામાં ખાસ રસ નહોતો. શાળા તેમના માટે માત્ર રોજ જવાનું સ્થળ બની ગઈ હતી. Arham academyના દિદીઓ એ બાળકો સાથે પ્રેમથી વાત કરી, તેમની મુશ્કેલીઓ સમજી અને ભણતર પ્રત્યેનો તેમનો દૃષ્ટિકોણ બદલવામાં મદદ કરી. આજે ઘણા બાળકો પોતાની જાતે અભ્યાસ કરે છે, પ્રશ્નો પૂછે છે અને જીવનમાં કંઈક બનવાનાં સપનાં જુએ છે. બાળકોના જીવનમાં શિક્ષણ સાથે આત્મવિશ્વાસની નવી જ્યોત પ્રગટાવતી આ સેવાભાવના માટે પરમ ગુરુદેવ અને સમગ્ર સેવક પરિવારનો હૃદયપૂર્વક આભાર."

**- શ્રીમતી સ્વાતિબેન શાહ — શિક્ષિકા, જામનગર, ગુજરાત**

## Instilling Values Brightening Futures

**Together in Seva.**
**Stronger in Impact.**

# SOHAM SEVA GROUP

For More Information
+91 86910 81088

**16 THOUSAND ONE HUNDRED NINETY ONE+**
Lives Reached
**11+** Initiative

Look N Learnના દીદીઓના જીવનસાથીઓ પણ સત્સેવામાં જોડાઈ શકે — આ સદ્ભાવનાથી શરૂ થયો એક અનોખો સેવા પ્રકલ્પ!

આર્થિક સંઘર્ષ અને શિક્ષણની અપૂરતી સુવિધાઓને કારણે અનેક બાળકોનાં સપનાં અધૂરાં રહી જાય છે. પરમ ગુરુદેવની દીર્ઘદ્રષ્ટિથી સોહમ સેવા ગ્રુપે આદિવાસી અને ગ્રામ્ય શાળાઓના નવનિર્માણનો સંકલ્પ લીધો. શાળાઓને નવું સ્વરૂપ, નવી સુવિધાઓ અને બાળકોને ભણવા માટે નવી આશા આપી. શાળા બદલાઈ... ભવિષ્ય બદલાવાની શરૂઆત થઈ

**22+ Schools Renovated**






ગિરનારની પાવન ભૂમિને Plastic-Free બનાવવાની પ્રતિજ્ઞા સાથે, સોહમ સેવા ગ્રુપના સેવકોએ ગિરનારમાં મહાશિવરાત્રીના એક જ દિવસમાં 90 kg plastic collect કર્યું અને **50,000+ Cotton Cloth Bags** અર્પણ કરી.




એ સાથે જ જરૂરિયાતમંદોના જીવનમાં આવશ્યક સહાય, બાળકોના ભવિષ્યમાં શિક્ષણ, વૃદ્ધોના જીવનમાં હૂંફ અને અબોલ જીવો સુધી પોષણ પહોંચાડી... કરુણાને સેવામાં પરિવર્તિત કરવાનો પુરુષાર્થ કર્યો.

सोहम सेवा ग्रुपने आमच्या शाळेतील विद्यार्थ्यांना परमधाम येथे आमंत्रित केले. त्यांना भेटवस्तू देऊन शिक्षणाप्रती प्रोत्साहित केले. परमधाम येथे मुलांना विश्वशांती, समाजाप्रती प्रेम, सामाजिक कर्तव्य आणि पर्यावरणाप्रती जागरूकता याबद्दल मार्गदर्शन करण्यात आले, हे खरोखरच कौतुकास्पद होते.
**— श्री. सोलंकरजी (शिक्षक) - कांकरपाडा विद्यालय**

Transforming **compassion** into **meaningful change**




Advt

**11 LACS**
**FIFTY THOUSAND +**
Tiffins Distributed

# PARAM TIFFIN SAHAY

**For More Information**
**+91 98920 97757**



**વયોવૃદ્ધ વડીલોની ખેવના કરતો એક પ્રકલ્પ!**
**જેમાં એકલા અટુલા જીવન વ્યતીત કરતાં અનેક વડીલો માટે Param tiffin સહાય અંતર્ગત Senior Citizen Groupના ભાવિકો, શ્રી નમસ્કાર મંત્ર અને શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનું ઉચ્ચારણ કરીને સ્વાસ્થ્યપ્રદ, ઘર જેવું શુદ્ધ, સાત્વિક અને ગરમ ભોજન એમની જરૂરિયાત અને સ્વાસ્થ્યને અનુલક્ષીને ભરે અને વડીલોના ઘરો સુધી tiffin પહોંચાડવાની સેવા આપી રહ્યાં છે.**

## પરમ ટિફિન સહાયથી અંતિમ ઘડીની ખેવના સુધી

"અચાનક એક દિવસ ફોનની રિંગ આવી. ફોન કરનારના કહેવા પર અમે બે ભાઈઓ ત્યાં પહોંચ્યા અને જે દૃશ્ય જોયું તે જોઈને કંપારી છૂટી ગઈ. દુર્ગંધથી ભરેલું ઘર, અશુદ્ધ પથારી અને એવી પરિસ્થિતિ કે જેમાં **એક 90 વર્ષના વડીલ પોતે ઊભા પણ થઈ શકતા નહોતા.** તેઓ એકલા અને અત્યંત અસહાય સ્થિતિમાં પથારીમાં પડ્યા હતા.

અમને લાગ્યું કે આ સમયે માત્ર ટિફિન પહોંચાડવાથી અમારી સેવા પૂર્ણ નહીં થાય. અમે Arham Yuva Seva Groupના 8-10 સભ્યોને જરૂરી સામાન સાથે તેમના ઘરે બોલાવ્યા. એક ભાઈએ તેમને સ્વચ્છ કર્યા, પથારી વ્યવસ્થિત કરી અને તેમને સારી રીતે સુવડાવ્યા. થોડા સમય માટે તો લાગ્યું કે હવે પરિસ્થિતિ સુધરી રહી છે.

પરંતુ બીજા દિવસે જ્યારે અમે ત્યાં પહોંચ્યા ત્યારે ઘર અંધારામાં હતું અને **એ ભાઈ પથારીમાં ન હતા.** તપાસ કરતાં ખબર પડી કે તેઓ નીચે પડી ગયા હતા. ફરીથી તેમને ઊભા કરીને પથારીમાં સુવડાવ્યા. તેમની સ્થિતિ જોઈને સમજાયું કે તેમને માત્ર ભોજનની નહીં, પરંતુ સતત દેખરેખ, આધ્યાત્મિક સહારો અને સંભાળની જરૂર હતી. તેથી તેમના માટે એક Caretakerની વ્યવસ્થા કરવામાં આવી અને લગભગ એક મહિના સુધી તેમની સર્વ પ્રકારે કાળજી લેવામાં આવી.

આ એક મહિના દરમિયાન તેમણે શ્રી નમસ્કાર મહામંત્ર અને શ્રી ઉવસગ્ગહર સ્તોત્રના નિયમિત જાપ સાથે સ્વાધ્યાય પણ કર્યો, જેથી તેમના અંતિમ દિવસોમાં મનને સમાધિ અને જીવનને આધ્યાત્મિક સ્પર્શ મળી રહે. આ રીતે લગભગ એક મહિના સુધી સેવા, સંભાળ, સ્વાધ્યાય અને ધાર્મિક આરાધનાનો આ ક્રમ ચાલ્યો. અંતે તેઓ શાંતિપૂર્ણ રીતે દેહમુક્ત થયા.

આ સમગ્ર ઘટનાએ અમને એક વાત શીખવી — ક્યારેક આપણે સેવા કરવા માટે કોઈના ઘરે જઈએ છીએ, પરંતુ પાછા ફરતી વખતે આપણું પોતાનું હૃદય વધુ સમૃદ્ધ થઈ જાય છે.

ગુરુદેવ! આપનો અસીમ ઉપકાર છે કે **આપે અમને આ સેવા કરવાનો અવસર આપ્યો. એક ટિફિન પહોંચાડવાની શરૂઆત ક્યારેક કોઈના જીવનની અંતિમ ઘડીઓમાં સાથ, સંભાળ, સ્વાધ્યાય અને આધ્યાત્મિક સમાધિ બની જાય છે."**

**— શ્રી જતીનભાઇ દેસાઇ, સેવક - Kolkata**

# ભોજનથી આગળ...
# ભાવ સુધીની સેવા



આ ઘટના હું જીવનભર ભૂલી શકીશ નહીં.

એક દિવસ એક બીમાર સદગૃહસ્થના ઘરેથી ફોન આવ્યો. તેમના ઘરે વર્ષોથી આપણું ટિફિન જતું હતું. તેમણે અમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. તે સમયે ભારે વરસાદ હોવાથી તરત જ મળવા જવાનું શક્ય ન બન્યું. પરંતુ થોડા સમય બાદ મનમાં વિચાર આવ્યો કે **કદાચ તેમને ખરેખર આપણી જરૂર હશે.** અમે તેમને મળવા તેમના ઘરે ગયા.

વાતચીત દરમિયાન જાણવા મળ્યું કે **તેમના ભાઈઓ સાથેના સંબંધો ઘણા વર્ષોથી સારા નહોતા.** તેમની વચ્ચે લાંબા સમયથી દ્વેષ, અણબનાવ અને અબોલા હતા. આ કારણે પરિવારના સભ્યો એકબીજાથી અલગ રહેતા હતા અને વર્ષોથી એકબીજાને મળ્યા પણ નહોતા.

આ વાત જાણ્યા પછી અમે તેમને પરમ ગુરુદેવની એક નાનકડી પ્રેરણા આપી, **'જો તમે મોટા છો, તો સાચા અર્થમાં મોટા તમે ત્યારે જ છો, જ્યારે સામેથી નાના પાસે જઈને ક્ષમા માગી શકો. વિચાર કરો, આ દ્વેષને આગળના ભવમાં સાથે લઈને જવું છે કે આ જ ભવમાં ક્ષમાપના કરીને મનને હળવું કરી દેવું છે ?'**

પરમ ગુરુદેવની આ પ્રેરણા તેમના હૃદયને સ્પર્શી ગઈ. તેમણે પોતાના નાના ભાઈને ફોન કર્યો અને **વર્ષો જૂના અણબનાવ માટે ક્ષમાપના માંગી.** વર્ષોથી બંધ થયેલો સંબંધ ફરી એકવાર પ્રેમ અને ક્ષમાના સંવાદથી જોડાયો.

યોગાનુયોગ, બીજા દિવસે વહેલી સવારે તેમની પત્નીનો ફોન આવ્યો. રડતાં રડતાં તેમણે કહ્યું, **'જેમણે ગઈકાલે ક્ષમાપના કરી હતી, તેમનું દેહાવસાન થઈ ગયું.'** આ સાંભળીને અમે નિઃશબ્દ થઈ ગયા. દુઃખની સાથે મનમાં એક જ વિચાર આવતો રહ્યો — જો અમે એ દિવસે પ્રમાદવશ તેમને મળવા ગયા ન હોત તો ?

ક્યારેક કોઈની મદદ કરવા માટે આપણે જે ક્ષણને સામાન્ય માનીએ છીએ, એ જ ક્ષણ કોઈના જીવનની છેલ્લી અને સૌથી મહત્વની ક્ષણ બની શકે છે. પરમ ગુરુદેવની પ્રેરણાથી વર્ષોથી ભાઈઓ વચ્ચે રહેલો દ્વેષ અને અબોલા દૂર થયા અને એક આત્મા સમાધિપૂર્વક અરિહંતશરણ થઈ.

તેમના સ્વજનના શબ્દો આજે પણ યાદ આવે છે —

**'તમે પારસધામથી ભગવાન બનીને આવ્યા હતા.'**

આ સેવા દ્વારા અમને માત્ર કોઈના ઘરે ટિફિન પહોંચાડવાનો નહીં, પરંતુ વર્ષોથી તૂટેલા સંબંધમાં પ્રેમ અને ક્ષમાપના જગાવીને એક આત્માને સમાધિ તરફ લઈ જવાનો અવસર મળ્યો."

**- શ્રી યોગેશભાઈ દોશી, સેવક - Kolkata**

Where Life Begins, Care Begins.

**WELCOMING LITTLE MIRACLES.**





Maternity wardમાં નવજાત શિશુને gift અર્પણ કરી, નમસ્કાર મંત્રનું સ્મરણ કરાવવામાં આવ્યું. અને એ બાળક જેણે કેટલાંક દિવસોથી આંખ ન હતી ખોલી તેણે આંખો ખોલી, જે ગુરુકૃપાનો સુખદ અને અદ્દભુત અનુભવ હતો.

**- શ્રી હેત્વીદીદી અને શ્રી માનસીદીદી (AYSG - ઘાટકોપર)**

## 7 THOUSAND FOUR HUNDRED +

Newborn Babies & Mothers Supported

# WELCOME ZINDAGI

For More Information

+91 98196 78504, +91 98203 91003

દુનિયાને જોવા ખુલતી આંખોને support કરતો એક પ્રકલ્પ ! Pawandham AYSG Senior Groupના ભાવિકો દ્વારા અલગ અલગ hospitalsની દર મહિનાની 26th તારીખે visit લેવામાં આવે છે અને નવજાત બાળકોને clothes, તેમજ માતાને nutritional support અર્પણ કરવાનો પુરુષાર્થ કરવામાં આવી રહ્યો છે.

**WE DIDN'T JUST WELCOME A BABY. WE GAVE A WARMER START TO LIFE.**

**એક જાગૃતિ... અસંખ્ય જીવોનું રક્ષણ.**

લોકોના ઘરે ઘરે જઈ તેમને જતના વિશેની સમજણ આપી પરમ જતના Kit જેમાં પોંજણી, gas burner cap, ગુચ્છો, માટલાના ગરણા, આદિ અસંખ્ય સૂક્ષ્મ જીવોની હિંસાથી બચવામાં ઉપયોગી ઉપકરણો અર્પણ કરવાનો પુરુષાર્થ.

# JATNA GROUP

For More Information

+91 98197 26999 +91 96195 96869

## 8 THOUSAND

Kits Distributed



# SEVA IS CLOSER THAN YOU THINK



સેવા કદાચ દૂર ક્યાંય નથી...
એ તો તમારા રોજિંદા જીવનમાં જ વસે છે.

## This week, notice it. Do it. Tick it.

☐ કોઈ જરૂરિયાતમંદને પેટભરીને ભોજન કરાવ્યું.
☐ કોઈ અજાણ્યા વ્યક્તિને રસ્તો બતાવી મદદ કરી.
☐ કોઈ વડીલને સમય આપ્યો અને તેમની વાત શાંતિથી સાંભળી.
☐ કોઈ અબોલ જીવ માટે પાણી કે ખોરાકની વ્યવસ્થા કરી.
☐ કોઈ બાળકને કંઈક સારું શીખવ્યું.
☐ કોઈના કામમાં નિઃસ્વાર્થ મદદ કરી
☐ તમારી આસપાસની એક જગ્યા જાતે સાફ કરી.

## WHO SERVED WHOM?

મેં શું આપ્યું? ______________________

______________________

______________________

મને શું મળ્યું? ______________________

______________________

______________________

**એક સેવા બે જીવનને સ્પર્શે છે. જેને સેવા મળી અને જે સેવા કરવામાં નિમિત્ત બન્યા.**

## YOUR SEVA REFLECTION

આપની પાસે પણ કોઈ અનોખી સેવા હોઈ શકે છે...
વિચારો... તમે કંઈ અનોખી સેવા કરી શકો?

તમે કરેલી કોઈ એક unique સેવાનો photo અને
તમારો અનુભવ અમારી સાથે WhatsApp પર Share કરો.

કારણ કે તમારી Sevaનો એક નાનો અનુભવ...
કોઈ બીજાની મોટી પ્રેરણા બની શકે છે.

Scan qr code

Share on Whatsapp
+91 84606 50535

**DO A LITTLE. FEEL A LOT.**
**INSPIRE SOMEONE.**



રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી
અર્હમ યુવા સેવા ગ્રુપના યુવાનોના અથાગ પુરુષાર્થથી...
ઉદાર હૃદયા ભાવિકોના સહયોગથી

ગત **વર્ષ 2025**માં સર્જાયા

# 50+

કરોડ રૂપિયાના
માનવસેવા અને જીવદયાના કરુણાથી
છલકાતા સત્કાર્યો !

## ...વાંચો અને વિચારો...

આ મહાસેવા યજ્ઞમાં
હું પણ એક HELPING HAND કેવી રીતે બની શકું?

| સેવાથી કે સંપત્તિથી | સમયથી કે શ્રમથી | સમજથી કે સુઝથી |
| --- | --- | --- |

**એક HELPING HAND સહારો બને...**
**અને અનેક HELPING HANDS સાથે મળે,**
**તો SEVAનો IMPACT અનેકગણો બની જાય!**

Printed & Published by : Deepak K. Bhayani on behalf of Jain Kranti, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.
Printed at : Arihant Printing Press, B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075, Maharashtra.
Edited by : Deepak K. Bhayani, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.